(સર્ક્યુલર જાહેરાત ક્રમાંક:૧૫૧/૨૦૧૮૧૯)

## બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર(મોડ-૨) વર્ગ-૩ સંવર્ગની જગાઓ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને ભરતી કરવા બાબત

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુ.રા. ગાંધીનગર તરફથી મળેલ માંગણાપત્રક સંબંધમાં બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર (મોડ-૨) વર્ગ-૩ સંવર્ગની ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ (પે લેવલ-૭) ના પગાર ધોરણ વાળી જગાઓ પર સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૪/૦૯/૨૦૦૪ના જાહેરનામા ક્રમાંક: જીજી/૦૪/૯૨/ઈએસટી/ ૧૦૯૭ /૩૭૫૭/ સી થી નિયત કરાયેલ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા/ ભરતી નિયમો તેમજ તા.૨૭/૦૮/૨૦૦૮તથા ૧૦/૦૯/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: જીજી/જીયુજે/૭૮ /એમએચકે/ ૧૦૨૦૧૪ /૧૭૨૮/ સી થી થયેલસુધારા અન્વયે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને પસંદગી કરવા ઉક્ત જાહેરનામાઓની જોગવાઈ મુજબ શૈક્ષણિક તેમજ અન્ય લાયકાતો ધરાવતા હોય તેવા ગુજરાત રાજ્ય પોલીસ સેવામાં એ.એસ.આઈ. (બિન હથિયારી) વર્ગ-૩ અથવા હેડ કોન્સ્ટેબલ (બિન હથિયારી) વર્ગ-૩ સંવર્ગમાં ઓછામા ઓછી ત્રણ વર્ષની ફરજ બજાવેલ હોય તેવા અથવા પોલીસ દળમાં બિન હથિયારી એ.એસ.આઈ./ અ.હે.કો./ અ.પો.કો. વર્ગ-૩ સંવર્ગમાં એકત્રિત કે, અલગ અલગ તા.૧૫/૧૨/૨૦૧૮ રોજ ૧૫ વર્ષ કે, તેથી વધુ સમય રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવેલ હોઈ તેવા કર્મચારીઓ પાસેથી આ સાથે સામેલ નમુનામાં અરજીઓ સંબંધીત કચેરીના વડા મારફત મંગાવવામાં આવે છે.

**બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર વર્ગ-૩ સંવર્ગની કેટેગરી વાઈઝ ખાલી જગાઓની વિગત.**

| ક્રમ | સંબંધિત કક્ષા | કુલ ખાલી જગાઓ |
|---|---|---|
| ૧ | બિન અનામત | ૩૦૪ |
| ૨ | અનુસૂચિત જાતિ | ૫૪ |
| ૩ | અનુસૂચિત જનજાતિ | ૭૫ |
| | કુલ | **૪૩૩** |

૨. આ જગા માટેની ઉમેદવારી નોંધાવવા માટેની અરજી મોકલવાની છેલ્લી તા.૧૫/૧૨/૨૦૧૮ છે.

૩. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની કચેરીને રૂબરૂમાં અથવા ટપાલથી મોકલવામાં આવેલ અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. એટલે કે, આપો આપ રદ ગણવામાં આવશે.

૪. બિન અનામત તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના કર્મચારીઓએ અરજીપત્રક સાથે રૂ. ૪૦૦/- (અંકે રૂપિયા ચારસો) તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ વર્ગના કિસ્સામાં રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસો) ૦૦૫૧ જાહેર સેવા આયોગ – ૧૦૪ – ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ(૧) પરીક્ષાફી સદરે ચલણથી જમા કરાવવાના રહેશે.

**<u>ભરતી નિયમોની લાયકાતો :-</u>**

૧. ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરના જ્ઞાન માટેની લાયકી પરીક્ષા પાસ કરવા અંગે સાવ.વિ.ના ઠરાવ ક્રમાંક:કકપ-૧૦૨૦૦૫-૧૬૩-ક તા.૦૬/૦૮/૨૦૧૫ તેમજ વખતોવખત કરેલ સુધારા મુજબ સક્ષમ સત્તાધિકારીએ ખરેખર બઢતી આપતી વખતે ચકાસણી કરવાની રહેશે.

૨. ઉમેદવાર, સરકાર દ્વારા, વખતોવખત ઠરાવવમાં આવેલ શારિરીક યોગ્યતા અંગેના લઘુત્તમ ધોરણો ધરાવતા હોવા જોઈશે.

૩. ઉમેદવાર ધોરણ-૧૨ પાસ અથવા ધોરણ-૧૧ (ઓલ્ડ એસ.એસ.સી.) પાસ હોવા જોઈશે. અથવા સરકારશ્રી દ્વારા તેના સમકક્ષ જાહેર કરાયેલ લાયકાત ધરાવતા હોવા જોઈશે.

૪. કોઈપણ ઉમેદવારે આ પરીક્ષા પાસ કર્યા બાદ તેની વિરૂધ્ધ કોઈ ખાતાકીય તપાસ, કોર્ટ કેસ કે અન્ય કોઈ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાયાનું જણાય આવશે તો આવા ઉમેદવારને બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર વર્ગ-૩ સંવર્ગમાં નિમણૂંક આપવી કે કેમ, તે અંગેનો નિર્ણય સક્ષમ અધિકારીશ્રી લેશે.

૫. આ પરીક્ષા નિમણૂંક મેળવવા માટેની પાત્રતા નક્કી કરવા માટે છે. ઉમેદવરે માત્ર પરીક્ષા પાસ કર્યાથી તે નિમણૂંક મેળવવા હકદાર નથી.

૬. અરજદારોએ ગૃહ વિભાગના તા.૧૦/૦૯/૨૦૧૪ ના જાહેરનામા મુજબ પ્રસિધ્ધ કરેલ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો (સુધારેલ) મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,દ્વારા લેવાનાર શારિરીક કસોટી (QUALIFYING TEST) તેમજ લેખિત પરીક્ષા ( OBJECTIVE અને SUBJECTIVE) આપવાની રહેશે. અને તેમા ગુણવત્તાના ધોરણે ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોડ-૨) વર્ગ-૩ સંવર્ગ માટે પસંદગી કરવામાં આવશે.

પી.ડી.પલસાણા
સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર.

# અરજી પત્રક(જાહેરાત ક્રમાંક: ૧૫૧/૨૦૧૮૧૯)

ઉમેદવારની સહી સાથેનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અહી લગાવવો અને અર્ધી ફોટા પર આવે તે રીતે પોતાની

(૧)ઉમેદવારનું નામ(અંગ્રેજી):-......................... ................................ ..................................................

ઉમેદવારનું નામ(ગુજરાતીમાં):-..........................................................................................

(અટક) (નામ) (પિતા/ પતિનું નામ)

(૨) ઉમેદવારનો હોદ્દો/બક્લ નં.:- ..........................................................................................

(3) હાલની ફરજના સ્થળના જિલ્લો:- ..........................................................................................

કચેરીનું નામ અને સરનામું:- ..........................................................................................

..........................................................................................

(૪) ઉમેદવારનું કાયમી સરનામું:- ..........................................................................................

..........................................................................................

(૫)જન્મતારીખ: તારીખ................. માસ.................વર્ષ...............

(પુરાવારૂપે શાળા છોડ્યાના પ્રમાણપત્રનીપ્રમાણિત નકલ સામેલ રાખવી.)

તા.૧૫/૧૨/૨૦૧૮ ના રોજ ની ઉમરવર્ષ.......... માસ .......... દિવસ ..........

(૬) નોકરીમાં દાખલ થયા તારીખ:- ..........................................................................................

(૭) અનાર્મ્ડ હેડ કોંસ્ટેબલ તરીકે બઢતી મળ્યા તારીખ:- ..........................................................................

(૮) અનાર્મ્ડએ. એસ. આઇ. તરીકે બઢતી મળ્યા તારીખ:- ..........................................................................

(૯) અનાર્મ્ડ હે. કો. અને અથવા એ. એસ. આઇ. તરીકેની

ત્રણ વર્ષની સેવાઓ પુર્ણ કર્યા તારીખ:- ..........................................................................................

(૧૦)અનાર્મ્ડ એ. એસ. આઇ/અ. હે. કો./અ. પો. કો વર્ગ-૩

સંવર્ગમાં એકત્રિત કે અલગ ૧૫ વર્ષ પૂર્ણ કર્યા તારીખ:..........................................................................

(૧૧)(સામાન્ય/ અનુ.જા/અ.જ.જાતિ/ સા.શૈ.પ.વર્ગ)વિગત દર્શાવવી :-.......................................................

(અનામત જાતી અંગે સક્ષમઅધિકારીનો દાખલો સામેલ રાખવો)

(૧૨)ઉમેદવારની જાતિ :- પુરૂષ /મહિલા

(૧૩)શૈક્ષણિક લાયકાત:- પ્રમાણપત્ર અને અથવા ગુણપત્રકની પ્રમાણિત નકલો સામેલ રાખવી.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | બોર્ડ / યુનિ. નું નામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | મેળવેલ વર્ગ / ગુણ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

(૧૪) કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની પરીક્ષા પાસ કરેલ છે. કે, કેમ (હા/ના) :- .......
(પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ રાખવી)

## સોગંદનામું

હું આથી એકરાર કરું છું કે ઉપર જણાવેલ તમામ વિગતો સાચી છે, જો કોઇ માહિતી ખોટી જણાય તો મંડળ દ્વારા જે નિર્ણય લેવાશે તે મને મંજૂર અને બંધનકર્તા રહેશે.

સ્થળ:-

તારીખ:-

..................................................

**અરજદારની સહી.**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉમેદવારની સેવાપોથી તથા પ્રમાણપત્રોની ચકાસણી કરતા ઉપર મુજબની માહિતી બરાબર છે તથા નિયત ફી રૂ./- ચલણથી જમા કરાવેલ છે.

કચેરીના વડાની સહી
નામ અને હોદ્દો